# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 04-08-2025 Day: Monday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **શીતલ વૈશ્નવ** વાંચે છે.

---

## કંડલા-ગ્રીન હાઈડ્રોજન પ્લાન્ટ:

ગુજરાતના મેજર પોર્ટમાં અવ્વલ એવા દીનદયાળ પોર્ટ ઓથોરિટી, કંડલાએ દેશના પ્રથમ મેક-ઇન-ઇન્ડિયા-આધારિત 1 મેગાવોટના ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટને સફળતાપૂર્વક કાર્યરત કરીને ભારતના બંદર ક્ષેત્રમાં એક નવા યુગની શરૂઆત કરી છે.

સોશિયલ મીડિયા સંદેશમાં, શ્રી મોદીએ કહ્યું કે આ એક પ્રશંસનીય પ્રયાસ છે, જે ટકાઉપણાને પ્રોત્સાહન આપે છે અને નેટ-ઝીરો વિઝનને સશક્ત બનાવે છે. કાર્બન ઉત્સર્જન ઘટાડવાના ભારતના મિશનને ટેકો આપવામાં આ પ્લાન્ટ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે. ઉલ્લેખનીય છે કે, દેશમાં આ પહેલી વાર છે, જ્યારે ભારત સરકારના બંદર દ્વારા આવી ભવિષ્યલક્ષી પહેલ હાથ ધરવામાં આવી છે, જે દરિયાઇ ક્ષેત્રમાં પરિવર્તનના પાયા સમાન છે. ડીપીએ, કંડલાના ચેરમેન સુશીલકુમાર સીંઘે આ પ્રોજેક્ટ માત્ર ડીપીએ કે ગુજરાત માટે નહી પરંતુ સમગ્ર દેશ માટે મહત્વનો સાબિત થશે, તેમ જણાવ્યું હતું.

---

## CM-શહેરી વિકાસ કાર્યો:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે શહેરી વિકાસ વર્ષમાં મહાનગરો-નગરોને બહુવિધ વિકાસ કામો માટે 4 હજાર 179 કરોડ રૂપિયા મંજૂર કર્યા છે. સત્તાવાર યાદીમાં જણાવ્યાઅનુસાર 7 મહાનગરપાલિકા અને 12 નગરપાલિકાઓને આ કામોનો લાભ મળશે.

સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત આંતર માળખાકીય સુવિધા વિકાસ કામો માટે 3 હજાર 768 કરોડ, આઇકોનિક રોડ-ગૌરવ પથ-શહેરી સડક માટે 219 કરોડ,

પાણી પુરવઠા અને સ્ટોર્મ વોટર ડ્રેનેજ માટે 93 કરોડ અને આઉટગ્રોથ વિસ્તારો માટે 82 કરોડ રૂપિયા મંજૂર કરાયા છે.

---

## મત્સ્ય ઉત્પાદનમાં ગુજરાત:

દરિયાઈ માછલીના ઉત્પાદનમાં સમગ્ર દેશમાં ગુજરાત બીજા સ્થાન પર રહ્યું છે. સત્તાવાર યાદીમાં જણાવ્યાનુસાર છેલ્લા 4 વર્ષોમાં રાજ્યમાં કુલ મત્સ્ય ઉત્પાદનનો આંકડો વાર્ષિક સરેરાશ અંદાજે 8 લાખ 56 હજાર મેટ્રિક ટન રહ્યો છે. વર્ષ 2023-24માં રાજયનું કુલ મત્સ્ય ઉત્પાદન 9 લાખ 8 હજાર મેટ્રિક ટન હતું, જે 2024-25માં 10 લાખ 37 હજાર મેટ્રિક ટન થવાની સંભાવના છે.

પ્રધાનમંત્રી મત્સ્ય સંપદા યોજના હેઠળ વર્ષ 2025-26માં ગુજરાત માટે કેન્દ્ર સરકાર તરફથી 50 કરોડની સહાય ચૂકવવામાં આવી છે. તેનાથી પણ રાજ્યમાં મત્સ્યોદ્યોગની પ્રવૃત્તિઓને વેગ મળી રહ્યો છે.

---

## પ્રવાસન વિભાગના ડાયરેક્ટર :

કચ્છ જીલ્લામાં પ્રવાસન સુવિધાને વિસ્તારમાં માટે ગુજરાત પ્રવાસન વિભાગના મેનેજીંગ ડાયરેક્ટર આઈ.એ.એસ પ્રભવ જોષી કચ્છની ત્રણ દિવસની મુલાકાતે આવ્યા હતા. તેઓએ ધોળાવિરાથી લખપત સુધીના પ્રવાસન સ્થળોની સમિક્ષા કરી વિવિધ સુચનો કર્યા હતા. આ ઉપરાંત સમુદ્રી સીમા દર્શન માટેના પડાલા ક્રીકની મુલાકાત લઈ ફોરેસ્ટ વિભાગ દ્વારા કરાયેલા કાર્યો જોઈ સમગ્ર જીલ્લામાં બોર્ડર ટુરીઝમ સર્કીટના પ્રવાસનની સમીક્ષા કરી હતી.

---

## અંજારમાં આરોગ્ય વિભાગ:

અંજાર તાલુકામાં આરોગ્ય વિભાગ દ્વારા રોગચાળા નિયંત્રણ માટે વ્યાપક કામગીરી હાથ ધરવામાં આવી હતી.જેમાં અંજાર તાલુકા હેલ્થ ઓફિસના વિવિધ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર અને અંજાર શહેરી આરોગ્ય કેન્દ્રના અધિકારીઓ અને કર્મચારીઓએ સક્રિય ભૂમિકા ભજવી છે.

આરોગ્ય વિભાગની 31 ટીમો દ્વારા અંજાર વિસ્તારમાં કુલ 1568 ઘરોનું ઘર-ઘર સર્વેલન્સ કરવામાં આવ્યું છે. વાહક જન્ય રોગોના નિયંત્રણ માટે નગરપાલિકાના સહયોગથી વિશેષ પગલાં લેવામાં આવ્યા છે. આ અંતર્ગત એબેટ કામગીરી, ડસ્ટિંગ, સ્પ્રેઇંગ અને ફોગિંગની કામગીરી હાથ ધરવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------------------

## જિલ્લા સૈનિક બોર્ડની બેઠક:

ભુજ ખાતે નિવાસી અધિક કલેક્ટર ડી.પી. ચૌહાણના  અધ્યક્ષસ્થાને જિલ્લા સૈનિક બોર્ડની ત્રિમાસિક સમસ્યા નિવારણ સમિતિની બેઠક યોજાઈ હતી. જેમાં જીલ્લામાં વસવાટ કરતા પુર્વ સૈનિકો અને તેમના પરિવારને લગતી  સમસ્યાઓના  સમાધાન બાબતની ચર્ચા કરાઈ હતી.

---------------------------------------------------------------------------------------------------

## ક્રિકેટ:

લંડનના ઓવલ ખાતે રમાઈ રહેલી એન્ડરસન-તેંડુલકર ટ્રોફીની પાંચમી અને અંતિમ ટેસ્ટ મેચમાં 374 રનના  વિજય લક્ષ્યનો પીછો કરતા ચોથા દિવસની રમતના અંતે ઈંગ્લેન્ડના  6 વિકેટે 339 રન થયા હતા.  જો રૂટે  39મી સદી અને હેનરી બ્રુકે 10 મી સદી ફટકારી હતી.  આ બંન્ને વચ્ચે 211 દડામાં 195 રનની ભુજભાગીદારી થઈ હતી. ભારત તરફથી કૃષ્ણાએ 3 અને મોહમદ સિરાઝે 2 વિકેટ લીધી હતી.મેચના આખરી દિવસે ભારતને જીતવા માટે ત્રણ વિકેટની જરૂર અને ઈંગલેન્ડને 35 રનની જરૂર છે.

---------------------------------------------------------------------------------------------------

## હવામાન:

આગામી 24 કલાકમાં ઉત્તર ગુજરાતમાં ભારે વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આગામી સાત દિવસ માટે રાજ્યમાં છૂટાછવાયા સ્થળોએ વરસાદની શક્યતા છે.

રાજયમાં અત્યાર સુધી મોસમનો સરેરાશ 63 ટકાથી વધુ વરસાદ નોંધાયો છે. જેમાં દક્ષિણ ગુજરાતમાં 67 ટકા વરસાદ વરસ્યો છે. રાજ્યના 52 જળાશય હાઇએલર્ટ પર છે. ગઈકાલે 68 તાલુકામાં વરસાદ નોંધાયો હતો.

---